चंदन मल्यागीरी नाटक.

નવિન મધુર રાગોના ગાયનોનાં
સંપૂર્ણ સુધારા સાથે.

દોહરો.

કહાં ચંદન મલ્યાગીરી, કહાં સાયર કહાં નીર;
જ્યમ જ્યમ પડે વિપતડી, ત્યમ ત્યમ સહત શરીર.

છપાવી પ્રગટ કર્તા.

અમદાવાદ:
વિશ્વેશ્વર પ્રેસમાં દીબાચ્યોં છાપ્યો.
સને ૧૮૯૪ સંવત ૧૯૫૦
કીમત ચાર આના.

૫૭૦૦

ચંદન મલયગીરિ

નાટક.

નવિન મધુર રાગોના ગાયનોના સંપૂર્ણ સુધારા સાથે.

દોહરો.

કહાં ચંદન કહાં મલ્યાગીરી, કહાં સાયર કહાં નીર;
જેમ જેમ પડે વિપતડી, ત્યમ ત્યમ સહત શરીર.

છપાવી પ્રગટ કર્તા

જેસંગભાઇ મોતીલાલ શાહની કુંપની.
બુકસેલર્સ એન્ડ કમીશન એજન્સ.

AHMEDABAD.
Rajnagar Priuting Press.

સને ૧૮૮૪. સંવત ૧૯૫૦.

કિંમત ચાર આના.

ચંદન મલયાગીરી નાટકમાં આવેલાં પાત્રોનાં નામ.

શ્રીકૃષ્ણ...	...	...	આકાશી દેવો.
શનીદેવતા...	...	...	આકાશી દેવો.
શાંતદેવ...	...	...	આકાશી દેવો.
ચંદનરાજા...	...	...	ચંદનાવતીનગરીનોરાજા.
મલયાગીરી...	...	...	ચંદનરાજાની રાણી.
સાયર...	...	...	ચંદનરાજાના પુત્રો.
નીર...	...	...	ચંદનરાજાના પુત્રો.
સુગુણા...	...	...	નીમકહલાલ દાશી.
પ્રધાન...	...	...	ચંદનરાજાનો કારભારી.
પુંડરીક...	...	...	પુંડરગીરીનગરીનોબળવાન રાજા
જયપ્રસાદ...	...	...	પુંડરીકનો સેનાપતી.
સુરસિંહ...	...	...	ચંદનરાજાનો ભાઇ.
પ્રભાવતી...	...	...	સુરસિંહની રાણી.
કેસરી...	...	...	સુરસિંહનો પુત્ર.
વિજયસીંહ...	...	...	સાંતપુરનો રાજા.
વિજયા...	...	...	વિજયસીંહની સ્ત્રી.

નવિન.

ચંદન મલ્યાગરી નાટક.

અંક ૧ લો.

સ્થળ—રંગમંડપ.

સર્વે પાત્રો ઇશ્વરસ્તુતિ કરે છે.

ઝીંઝોટી-ઠુમરી.

વિનંતી ધરજો ધ્યાન, સજ્જન સૌ. એ રાગ.

દયાનિધી દયાવાન, તમે છો, દયાનિધી દયાવાન;
નમું નમું જયવાન, તમે છો, દયાનિધી દયાવાન. ટેક.
અલ્પમતીથી આજ આદર્યું, નાટક નીતિમાન. તમે છો૦
સકળ સૃષ્ટી સેવે તમોને, જય જય શ્રી ભગવાન. તમે છો૦
રિદ્ધિ સિદ્ધિ શુદ્ધ બુદ્ધિ અર્પી, કરો કૃપાળુ કલ્યાણ. તમે છો૦
નેહથી નાનાલાલ નમે છે, ઘણો કરી ગુણગાન. તમે છો૦

સુત્રધાર—અહરથે! આજ આપણી સમક્ષ અમે રાજનગર નિવાસી મી. નાનાલાલ કૃત ચંદન મલ્યાગીરી નાટકનો પ્રયોગ કરનાર છીએ તે એકાગ્ર ચિત્ત શાંતિથી શ્રવણ કરશો એવી આશા છે. (પડદા તરફ જઇ) પ્રિયા, હજુ કેમ વાર લાગી.

નટી—(પ્રવેશ કરીને) આવી સ્વામિનાથ. શી આજ્ઞા?

સુત્રધાર—સાંભળ.

ગીતીવૃત.

ચંદનમલ્યાગીરી, કેરૂં નાટક નેહ ધરી કરવું,
માટે પાત્રો સાથે, અનેક રૂપે આજે છે ફરવું;
તેથી ચાલો પ્યારા, તું મલ્યા ને હું થાઉં ચંદન,
(પુષ્પથી) વધાવો લ્યો શ્રોતાને, કરો પ્રેમથી સ્નેહ સહિત વંદન.

(શ્રોતાઓને પુષ્પથી વધાવી જાય છે.)

પ્રવેશ ૧ લો.

સ્થળ–રાજ્ય કચેરી.

પાત્ર—વજીર, કોટવાળ, વિદુષક, તથા વારાંગનાઓ અને ચંદનરાજા.

છડીદાર—(નેપથ્યમાં) મહારાજા શ્રી ચંદનરાજ મહારાજને ઘણી ખમા. આ–આ–ઓ.

વિદુષક—(દરબારીઓને) કેમ હવે શાંત થશો કે ? મહારાજની સ્વારી આવે છે, તેમાં વિદુષક મહારાજ પણ પધાર્યા છે. માટે વિનયવાન થાઓ તો સારૂં. (એટલામાં રાજા પધારે છે. સૌ નમન કરી પોત પોતાને આસને બેસે છે.)

ચંદન—મારા વિવેકી વજીર, હાલ રાજકાજની સ્થીતિ સંતોષ ભરી ચાલે છે એવું મેં ગઇ કાલે નગરચર્યા જોવા જતાં સાંભળ્યું છે. માટે હું તમને શાબાસી આપું છું, કારણ કે સારી સલાહથી મારી શોભા તમે સર્વેએ મળી વધારી છે.

વજીર—રાજેંદ્ર, એમાં સર્વ આપનો પ્રતાપ છે. અમે તો માત્ર

અમારી ફરજજ અગત્ની છે.

ચંદન—વારૂં, આજના ખુશાલી ભર્યા દિવસમાં વધારો થાય માટે હે વારાંગનાઓ, તમે તમારી નૃત્યકળા આજ આનંદથી બતાવો.

વિદુષક—કેમ, કાંઇ ધ્યાનમાં આવે છે કે ?

વારાંગનાઓ—(નમ્રતાથી) મહારાજની આજ્ઞા માનવામાં કોણ મુર્ખાઈ કરે તેમ છે!

વિદુષક—ઠીક ત્યારે તો ચલાવો ચાતુરી.

વારાંગનાઓ— ઠુમરી.

ધન્ય ધન્ય તું રાજા ચંદન. એ રાહ.

વાહ વાહ છે ચંદન ભૂપજ, ચંદર સમ કાંતી સારી. ટેક.
નેક ન્યાવને અતિ દયાળુ, પ્રજા જનોની પીડ હારી. વાહ૦
દશ દિશાએ યશ વખણાયે, થાયે વશ શત્રુજ ભારી. વાહ૦
મુખ ચંદર સમ તેજ જણાવે, છબી અતિ છે મનોહારી. વાહ૦

ચંદન—તમારા મધુર ગાયનથી મારૂં મન પ્રફુલ્લિત થયું છે. વારૂં હવે એકાદ બીજું સારૂં ગાયન કરો કે તમારી મનેચ્છા પુરી પાડું.

વારાંગનાઓ—જેવી નૃપેંદ્રની આજ્ઞા.

વિદુષક—આ વખતે જરી લટકા મટકાનો મસાલો તેમાં ભભરાવજો એટલે તમારો બેડો પાર, નહીં તો ગણાશો અમારા તેમ હાડો નહીં વળનાર, માટે થઇ હુંશિયાર; કરો નાચ પણ અપાર.

વારાંગનાઓ— ત્રીજી ગઝલ.

(વાહે વાહે રાયજી, મુજપર દયા મોટી કરી. એ રાહ.)

ધન્ય ધન્ય ભૂપજી, અમપર મયા ભારી ધરી;
વધુ વદું શું યશ આપ, વિશ્વ વિષે છે ખરી. ધન્ય૦
માંગણુ આવ્યો આપ દ્વારે, તે કદિ નિરાશથી;
ઇચ્છા પુરાયા વિણુ વ્હાલા, પાછો ગયો ફરી. ધન્ય૦
લક્ષ્મીજીના લીલા લ્હેરગી, ભંડાર આપ ભરપુર છે;
સત્ય વચન શોભે મુખમાં, તેથી ખુશી છે જગપતી. ધન્ય૦
અવિચળ અવનીમાં સદા, ગજ તાજ તગ તણું રહો;
સંહાર થાજો શત્રુનો, અરજ અમારી એ ખરી. ધન્ય૦
સુખ સંપતિ સુગુણ શોભે, નિર્મળ કાતી છે ખરી;
વારી નાનાલાલ જાયે, ગુણ ગાતાં ફરી ફરી. ધન્ય૦

વજીર—વાહ! વાહ! શું સુંદર સ્વરથી માહારાજના ગુણ ગાયા છે!

ચંદન—વજીર! આ વિવેકી વારાંગનાઓએ આજ મને પ્રસન્ન કર્યો છે માટે તેમને જે નવું સેલું આપના ખજાનચી પાસે છે તે તેમને આપવાની ચીઠ્ઠી લખી આપો.

વજીર—જેવી માહારાજની ઇચ્છા. (ચીઠ્ઠી લખી આપે છે. તે લેઇ વારાંગનાઓ જાય છે.)

વિદુષક—અથી વાંકડી વારાંગનાઓ, તમારૂં નસીબ તો વગર સાબુએ ધોવાઇ ગયું હો! એ માયામાં સતર હજારનું સેલું મફત મળ્યું, ને આ બંદા તો વા ખાતાજ રહ્યા! હોય બાપુ હોય! એ તો ભરતામાં ભરાય. આ ભદ્રિકનો કાગ્નુ ભાવ પુછે તેમ છે!

ચંદન—વિદૂષક, તું કેમ ઉદાસ થયો.

વિદૂષક—

ચિતીવૃત.

જેને જેવું જોઇએ, તેવું તેને મહારાજ તમે આપો;
પણ આ વિદૂષકનું, કષ્ટ કૃપાળુ કદિ નહીં કાપો.
એવાં નસિબ અમારાં, કે તન મનથી રીજવીએ મન પ્યારા;
પણ ઇનામના ભારા, નથી અમોને કદિએ મળનારા.

ચંદન—પ્રધાનજી, વિદૂષકને પણ પાંચસોની ચીઠ્ઠી લખી આપો. હવે સયતનો સમય થયો છે. માટે કચેરી બરખાસ્ત કરવામાં આવે છે. (સર્વે જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—રાજમાર્ગ

પાત્ર—શનીદેવ તથા શાંતદેવ.

શનીદેવ—(વિચાર વમળમાં ગુંથયેલો) વિધાત્રાએ પણ કેવી અવિચારી હશે કે નામાંકિત નરોના નસિબમાંજ મારી બાર વરસની પીડાદાયક પનોતી લખી છે, ચંદનાવતી નગરીના ચતુર ચંદનરાજની પણ હવે પડતી દશાજ તો. કારણ કે મારી બાર વરસની પનોતી તેનાપર બેઠી માટે મારે તેમે દુઃખ તો દેવું જોઇએ, જો ન દઉં તો ઇશ્વરી નિયમ તુટે; તેમ દેવી મહાત્મને કોઇ માને નહીં. માટે થનાર હશે તે થશે પણ હું તો એકવાર મારી રીત મુજબ વર્તુંજ.

શાંતદેવ—પ્રિય શનીદેવ! શાથી ઉદાસ દેખાઓ છે? એવી શી ચીંતા પડી?

શનીદેવ—તમે જાણતા તો હશો કે હું ચંદનરાજાની બારમી રાશે આવ્યો છું. માટે મારે તેને દુઃખ દેવું પડશે; પણ વળી દયા આવે છે કે એવા પ્રજાપાળકને સત્યવાદી ને સંતાપવો તે સારૂં કેહવાય નહીં.

શાંતદેવ—એમાં તે શો વિચાર. શું કંઇ આપણે તેમને નાહક પીડીએ છીએ! એ તો ઇશ્વરી નિયમને અનુંસરી ચાલવું એવી આપણી ફરજ છે. માટે એમાં શો વિચાર? જાઓ જાઓ તમે તમારે તમારૂં કામ કરો.

(જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—ચંદનરાજાનું શયનગ્રહ.

પાત્ર—ચંદન, મલયાગીરી અને શનીદેવ.

(ચંદનમલયાગીરી પલંગમાં ભરનિંદ્રામાં સુતાં છે ત્યાં અંતરીક્ષ રહી.)

શનીદેવ— આહુ તસ—ગજલ.

(શું ઘેનમાં ઘેરાએ રાજા? થાની તું હુંશિયાર. એ રાહ.)

ના નિંદમાં લપટાઓ રાજ, રહીને ખબરદાર;
પ્રશ્ન પુછું પ્રિતથી તેનો, પ્રત્યુતર તું આપ.—ટેક.
પૂર્વ ભવે પાપ કીધેલાં, તે ભોગવો આ અવતાર;
બારમી રાસે બેઠો તારી, માટે થા હુંશિયાર.—ના નીંદમાં.
હાલ પડું કે વૃદ્ધ વયે, તે કહેની મને આ વાર,
વિધાત્રીના લેખ લખેલા, વાળ્યા ન વળનાર.—ના નીંદમાં.

માટે શો છે વિચાર તારો, બોલો જલ્દી આજ;
ઘણી બાજુ જવું માગે, માટે થાગે વાર.—ના નીંદમાં૦

ચંદન—(અજાયબ થઇ) અરે! આ અવાજ ક્યાંથી! અહો આ તો શનીદેવ પધાર્યા છે. (પાસે જઇ) માહારાજ વંદન કરૂં છું. (રાણીને) પ્રિયા ઉઠો, આજ આપના મ્હેલમાં શની માહારાજ પધાર્યા છે, તેમનાં દર્શન કરો. (રાણી ઉઠે છે.)

મલયાગીરી—માહારાજ, હું આપને વંદન કરૂં છું.

શનીદેવ—અહો સત્યવાદી જ.ઓ. હું હવે તમારી બારમી રાહે બેઠો છું, માટે તમે કહો તો હું તમને હાલ દુઃખ આપું, ને કહો તો ઘડપણમાં આપું.

મલયાગીરી—(રાજાને) પ્રાણનાથ, દુઃખ તો હાલજ માગી લ્યો. કારણ કે વૃદ્ધપણે તે આપનાથી સહન થનાર નથી.

ચંદન—(શનીદેવને) દેવ, પડો તો હાલજ પડો. વૃદ્ધપણે તે અ૦ મારાથી વેઠાશે નહીં.

ગીતાણી ચોપાઇ.

જુવાનીમાં સઘળું ખમાયે, ઘડપણમાં વેઠાય ના જરાયે;
માટે દેવું હોય તે દેજો હાલ, સઘળું ખમી શકે આ બાળ.
કર્યાં કર્મ ભોગવવાં પડશે, પૂર્વનાં આ ભવમાં નડશે;
કંઈ શોક નથી મને તેનો, એમાં ઉપાય ચાલે છે કેનો!

શનીદેવ—વારૂં, ત્યારે હું જાઉં છું, અને દુઃખની સામગ્રી તૈયાર કરૂં છું.

प्रवेश ४ थो.

स्थळ—चंदनावतीनी भागोळ.

(पुंडरीक राजा लश्कर साथे चंदनावती जीतवा आवे छे.)

लश्कर—अलेकुसे तुं याद कर, अल्लाकु आदम ए शाह.

थाओनी जंग थाओ सहु, हथियारथी तैयार;
दुश्मननुं दळ वाढी नांखो, लूटीए द्रव्य अपार.—थाओ.
बरछी भाला खंजर, बीछवा बंदुकोना मार;
लेई लडवा जातुं जल्दी, बहादुर थई लडनार.—थाओ.
नोबत डंका खुब वगाडो, शत्रु थाय तैयार;
मारी तेने किल्लो लेवो, थवाने जयकार.—थाओ.
पछी! निसान आपणुं ते पर, घाली दो निरधार.
आवु फेरवी आपणा रायनी, थाओ खबरदार.—थाओ.

(प्रधान दरवाजा आगळ बेठेला पेहेरीगरने कहे छे के —)

प्रधान—अबे उल्लु ! जा तेरे राजाकु बोल के अबी हमारी साथ लडाई करे नहीं तो यह नगरी छोडके भाग जाय.

पेहेरीगर—जा बे जा दिवाना. तेरे जेसे बहोत आतेहय-क्या कुच्छ हमको तुं जेसे तेसे समजता हय. हम तो तेरे जेसे हजारोकु मार डाले अयसेहय.

प्रधान—क्युं सेतान, हमको तुं अडाता क्या क्या मगजमे पवन बहोत भराया हय. सालें लंबी चोडी बोलता हय तब तो ले, वळी स्वाद दीखाताहुं. (एम कही लात मारे छे. पेहे-रीगर दरबारमां जाय छे.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—ચંદનરાજાનું વિચારભુવન.

પાત્ર—ચંદનરાજા, વજીર, વીગેરે. પાછળથી પેહેરીગર.

વજીર—મહારાજ! હમણાંથી આપણું ચિત્ત વિચારવમળમાં વધારે ગુંથાએલું રહે છે.

ચંદન—વજીરજી, હા હમણાં તો એમજ ચાલે છે, કારણ કે મારે બારમી રાશે શનીશ્વર બેઠા છે તેથી અનેક પ્રકારની આફતનાં વાદળાં આવી પડશે, તેની ચીંતામાં ચીત્ત ગુંથાયા કરે છે.

વજીર—રાજેંદ્ર, હોય. તેના માટે કાંઇ આમ દુઃખી થઇ મુઝાવું ન જોઇએ. બનવાકાળ હશે તે બન્યા જશે. (એટલામાં છડીદાર આવી.)

છડીદાર—મહારાજ, બ્હાર પેહેરીગર અર્જ ગુજારવા આવ્યો છે, માટે આજ્ઞા હોય તો અંદર લાવું.

ચંદન—ખુશીથી તેડી લાવ. (છડીદાર પેહેરીગરને લાવે છે.)

પેહેરીગર—મહારાજ, અબ તો તૈયાર હોના ચહીયે, કિલ્લેકી નજીક દુશ્મન આ પોહોંચે હય, સો હમેરે પેટમેં એયસી બાત દીકે મેરે બાત નીકલ ગયા. તો ગરીબ પરવર અબ તો હમ ગરીબોકી મદદ કરની ચાહીએ.

ચંદન—વજીરજી, તમે તપાસ કરો, કે કીયો દુશ્મન ચઢી આવ્યો છે, અને જો તે નજીક હોય તો તમે લશ્કર તૈયાર કરી કિલ્લાપર પડાવ કરો. હું રાણીવાસમાં જઇ આવું છું.

વજીર—જેવી નૃપેંદ્રની આજ્ઞા. (જાય છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ--રાણીવાસ.

પાત્ર—મલયાગીરી, દાશી તથા ચંદનરાજા.

મલયાગીરી--દાસી, આજ મારા જીવને કાંઇ ચેન પડતું નથી તેમ અનેક અપશુકન થાય છે તેનું શું કારણ હશે? મને તો લાગે છે કે નક્કી કાંઇ સંકટ શિરપર આવનાર હશે તેની આ ચેતવણુ મળતી હશે. કાં ખરૂં કે?

દાશી—માઠાં શુકન, એ સંકટની સુચના છે. એમ શાસ્ત્રમાં પણ બોલાય છે.

નેપથ્યમાં—માહારાજ શ્રી ચંદનરાજાને ઘણી ખમ્માઓ. ઓ-ઓ ઓ-

મલયાગીરી—દાશી, જા ઝટ તું સામગ્રી તૈયાર કર. માહારાજ પધારે છે.

દાશી—વારૂ, બાઇ સાહેબ.

ચંદન—(પ્રવેશ કરી) પ્રિયા, તમે હુંશિયારીથી તૈયાર થઇ રહેજો. કારણ કે તપાસ કરાવતાં મને માલમ પડ્યું કે, પૂંડરીક શત્રુ કિલ્લાપર ચડી આવ્યો છે. માટે હું તેના સામે લડવા જાઉં છું, તેથી સાવચેત રેહેવું.

મલયાગીરી—અરર! પ્રભુ! આ શું જુલમ! શું હવે અમારે અનેક કષ્ટ સહન કરવાં પડશે કે? માહારાજ, તમારે લડવા જવાનું કાંઇ પ્રયોજન નથી. પ્રધાન વિગેરે છે તેઓ લડશે.

મોહન—પ્રિયા, તું સમજુ થઇને કેમ ભુલે છે? શું પ્રધાનોને મોકલી મારે શું મેહેલમાં ભરાઇ બેસવું. તેથી પ્રજા શું મને સારો ગણશે? જરી તો વિચાર. લે હવે હું જઉ છું. તું હુંશિયાર રહેજે.

મહુવાગીરી—વિજય કરી વેહેલા પધારજો પ્રાણનાથ. (જાય છે)

પ્રવેશ ૭ મો.

સ્થળ—કીલ્લો.

લશ્કર— ઝીંઝોટી દાદરો.

સુભટો સૌ શૂરા મારા, હામથી હાથમારો;
ઝાલી ચાલો લડવા કાજે, દુશ્મનો સંહારો.—ટેક.
હૈયે હીંમત રાખી પુર, શત્રુને બતાવો શૂર;
જેથી ઉડે એનું નૂર, વધે તોલ તમારો.—સુભટો.
પાપીઓના લેઇ પ્રાણ, કરીશું ખેદાનમેદાન;
ઉતારીશું અભિમાન, જયના કરીપોકારો.—સુભટો.

પ્રવેશ ૮ મો.

સ્થળ—કિલ્લાનું મેદાન.

(પુંડરીકનું સૈન્ય જુસ્સાથી ચાલ્યું આવે છે)

લશ્કર— ઇંગ્રેજી રાહ.

ચાલો યારો સૌ શૂરવીરો, દુશ્મન કરશું ઠાર;
ઠાર ઠાર ઠાર, મારી પુષ્કળ માર;

કર્તાશ્રીશું સર્વે રચજો, મીત્રો જય જયકાર.—ચાલો.

પુંડરીક— બેત.

છોડી કિલ્લો મેદાનમાં, નિકળી જાને ચંદન;
નહીં તો હથિયાર છોડી, કર તું મુજને વંદન.
જો નહીં માને મુરખા, તો છેદીને શિર;
લેશું રાજ્ય પડાવીને ત્યાં સુધીના ધિર.

ચંદન—અભિમાનમાં અંધ શું, છેક બન્યો પુંડરીક;
વિચારને વિવેકથી, તું મન મંહી જરીક.
શત્રુને સંહારવા કાજે, છું તત્પર ના બીક;
તે તુજ જેવા પામરથી, હઠે કદી ના ઠીક.

પુંડરીક—જાણ્યું તારૂં જોર મે, રાખ મુખ અભિમાન;
જો વધુ વદયો કદિ, તો તો હણીજ કમાન.

ચંદન—મર લે મુરખા માનવી, વિણુ મ્હોતે તજી બાન,
તારા માટે આવીને, ઉભું મ્હોત વિમાન.

(લડાઈ થાય છે. તેમાં પુંડરીક જીતે છે, અને ચંદન હારી વનમાં નાસે છે.)

પ્રથમ અંક સમાપ્ત.

अंक ५ जो.

પ્રવેશ ૧ લો.

સ્થળ—ગામની ભાગોળ.

પાત્ર—ચંદન, મલ્યાગીરી. સાયર, નીર અને પ્રજાજન વિગેરે.

ચંદન— ભયેરવી—મુસ્તેજાદ.

અરે ઇશ શા અપરાધ અમ ધારી—દીધી દશા દુઃખકારી,
રહેમ નજર મમ પરથી ઉતારી—દીધી દશા દુઃખકારી;
ઇચ્છીએ છીએ પ્રસન્નતા મોરારી—દીધી દશા દુઃખકારી,
ભક્તજનોની ભીડ ભય ભારી નિવારી—દીધી દશા દુઃખકારી;
નળ દમયંતીને પણ તમેજ ઉગારી—કીધી દશા સુખકારી,
હરીશ્ચંદ્ર તારામતીતણું એ દુઃખ ટાળી—કીધી દશા સુખકારી;
ચંદ્રહાસ ભક્તને પણ બાંય ધારી—કીધી દશા સુખકારી.
તેમ અમોપર અતિ મેહેર 'નાન' ધારી—કરો દશા સુખકારી.

મલ્યાગીરી—પ્રાણનાથ, હવે આપણે જલ્દી ચાલો. કારણ કે બાળકો ભૂખ્યાં થયાં હશે. માટે તેમને પાસેના જંગલમાંથી ફળફળાદી વીણી લાવી ખવરાવીએ.

સાયર, નીર—માતાપીતા, તમે એમ અકળાશો નહીં. અમે પણ તમારી પેઠે સહન થતાં દુઃખો ખમીશું.

પ્રજાજન—(નેપથ્યમાં) મદદ! મદદ! માહારાજ મદદ કરો.

ચંદન—પ્રિયા, પાછળ પ્રજાજનો આવે છે. માટે ચાલો આપણે ત્વરાથી, નહીં તો તેઓ એકદમ આપણને રોકશે.

મલ્યાગીરી—જેવી સ્વામિનાથની આજ્ઞા. (બન્ને ચાલ્યાં જાયછે)

પ્રજાજના--(પ્રવેશ કરી) અરેરે! આહીંયા મારૂ નગર નાથ. હવે આપણે તેમને ક્યાંથી શોધી કહાડીશું? તેઓ તો ચાલ્યા ગયા. આપણાંજ કમનસીબ. કે આવા નિર્દોષી રાજાઓ વિપત્તિઓ સહે છે, અને દુષ્ટો દયા ભોગવે છે! શું નસીબ! વીધાત્રી તુ પણ કેવી કઠણ કાળજાની દુષ્ટ વારૂં. (રડતાં રડતાં જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—બગીચો.

(સુરસીંગ રાજા બાગમાં બેઠે. છે, ત્યાં ચંદન, મલ્યાગીરી, સાયર, નીર, વિગેરે આવે છે. ત્યાં પાણીની તરસ લાગવાથી બન્ને પુત્રો માતપીતાની આજ્ઞા માગે છે.)

સાયર ને નીર-- કલ્યાણ-ગઝલ.

નિરખો તાતજી દ્રષ્ટી થકી આ, ફુલવાડી ફળફુલે ભરી છે;
અનેક પ્રકારનાં વૃક્ષો કેવાં, વિધવિધ રંગની વેલો વળી છે.
ગુલાબ કેતકી મોગરો મરવો, દાડમ જાંબુ ને મગદલી છે;
શાંતિદાયક સ્થળ છે રૂપાળું, પાણીની પેલી ટાંકી ભરી છે.
સૂરજ તાપે બળતા શરીરને, શાંતિ લેવા તક આ મળી છે;
માટે અમને જવા દો તાતજી, નીર વિના નેત્રે તમ્મર ચડીછે.

ચંદન— ભયેરવી-ગઝલ.

ક્યાં પેસે પ્યારા પુત્ર, અજાણી વાડીમાં;
ચાલ ચાલ સાથ મારી, સાભી ઝાડીમાં—. ટેક.

આણી હોય તો તને, કદાપી દુઃખ દે;
જાત્રા દક્ષુશ આવશે વાડી બગાડી ત્યાં. કાં પેસે.
વખત* વીપરીત વેઠવાનો આવ્યો છે;
માટે ચેતી ચાલવું જવું ન દુઃખ ખાડીમાં. કાં પેસે.

મલ્યાગીરી—બેટા, એ પરાઇ જગ્યામાં જઇને ફુલ ન તોડો તથા તોફાન ન કરો તો જવા દઉં.

સાયરને નીર—અમે કોઇ દીવસ તોફાન કરીએ છીએં તે આજ કરશુ

ચંદન—ભલે ત્યારે જાઓ પણ વેહેલા આવજો.

(ચંદન રાજા તથા મલ્યાગરી એક ઝાડ નીચે બેસે અને સાયર નીર પાસેના હોજમાં જઇ પાણી પી રસ્તામાં પડેલા ફળ લેઇ એક બાજુએ પથ્થરના ચોરાપર બેઠા બેઠા નીર્ભય પણે આનંદથી ખાય છે તેમનાપર ત્યાં ફરવા આવેલા સુરસીંહ રાજાની દ્રષ્ટી પડ્યાથી નવાઇ પામે છે.)

સુરસીંહ—અરે કોઇ હાજર છે કે?

સીપાઇ—શી આજ્ઞા સરકાર?

સુરસીંહ—જાઓ પેલા ચોરાપર બેઠેલા બંને છોકરાઓને સમજાવીને અહીં લાવો. નાહક હેરાન કરતા નહીં.

સીપાઇ—સારૂં નામદાર. (જઇ છોકરાઓને) અરે બાળકો તમે અહીં ક્યાંથી આવ્યા છો? ચાલો તમને માહારાજ બોલાવેછે.

સાગર—(ગભરાઇને) અમારૂં એવું શું કામ પડ્યું છે?

નીર—(બ્હીતાં બ્હીતાં) અમે તો વટેમાર્ગુ છીએ ભાઇ;

સીપાઇ—ગમે તે હો, તેમાં મારે શી પંચાત. મારેતો રાજાજીના

હુકમ પ્રમાણે વર્તવું જોઇએ માટે ખુશીથી ચાલો નહિ તો જુલમથી લઇ જઇશ.

સાગર ને નીર—હીડો ભાઈ હીડો, જે થવા કાળ હશે તે થશે.

(બંન્ને સીપાઇની પાછળ જાય છે.)

સુરસીંહ—અરે બાળકો, તમે કયા કુળને દીપાવો છો? અને આવી અચાનક તાપની વખતે આ ફુલવાડીમાં કયાંથી આવવું થયું ?

સાગર ને નીર—(નમ્રતાથી) માહારાજ, અમો ગરીબ ગરીબજન રસ્તે જતાં ભુખ તરશ લાગવાથી આ બાગમાં આવ્યા. ત્યાં રસ્તામાં ઝાડેથી તુટી પડેલાં ફળ દીઠાં તે લઇ ખાધાં અને પાણી પીધું. એજ ગુનાહ માટે તમારો માણુસ અમને આપની સમક્ષ પકડી લાવ્યો.

રામસીંગ—છોકરાઓ ગભરાઓ નહીં. અહીં બેસો હું તમારા માટે બીજાં જેટલાં જોઇએ તેટલાં ફળ ફળાદી તાજાં મંગાવી આપુછું. (સીપાઇને) જાઓ તુમ અચ્છે અચ્છે ફળ લાકે એ લડકોકોં દેઓ.

સીપાઇ—બ્હોત અચ્છા માહારાજ. (છાબ લાવીને) લ્યોજી એ સબ તૈયાર હય.

સુરસીંગ—બાળકો લ્યો તમે ખાઓ. વારૂં તમે સાચું કહો કે કોના પુત્રો છો ?

સાયર ને નીર—માહારાજ અમે ચંદનાવતીના માહારાજા ચંદનના પુત્રો છીએ, દુષ્ટ પુંડરીકે એકાએક હલ્લો કરી અમારૂં

રાજ્ય ઝુંટાવી લેવાથી મારી માના સાથ મારા પીતા અમને લેઇ આમ દેશવટે નીકળ્યા છે. બે ત્રણ દીવસથી અત્રે ચાલ્યાજ કરીએ છીએ ત્યારે આ દેશ આવ્યો તે કયો હશે તે પણ અમે જાણતા નથી.

સુરસીંગ—કોણ ? મારા ભાઇ ચદનના પુત્રો સાયર નીર.

સાયર નીર—હા કાકાજી. તે હમેજ ને તમારા બાંધવ પણ પાસેની વૃક્ષ લટામાં બેઠા છે. લ્યો હું તેમને બોલાવી લાવું.

સુરસીંગ—બાળકો, તમે આ ફળ ખાઓ (સીપાઇ) જા તું ભાઇ ચંદનને આદર સત્કાર સાથે તેડી લાવ્ય (સીપાઇ જાય છે) શું ઇસ્વરની લીલા છે. ઘડીમાં રાય ને રંક ને રંકને રાય કરે છે (એટલામાં ચંદન મલ્યાગીરીને તેડી સીપાઇ આવેછે.)

ચંદન—અહો બાંધવ સૂરસીંહ ?

સુરસીંગ—હા ભાઈ આ બાળકોને મારા બાગમાં જોઇ સીપાઈ મારફતે તેમને બોલાવી મંગાવી તેમને પુછવાથી તમારો પતો મળશે. અને તમારી દુ:ખદસ્થીતીની વાત સાંભળી દીલગીર થયોછું; પણ હોય એથી અકળાવું નહીં તમે ખુશીથી મારા નગરમાં રહો. અને રાજ ગાદી આનંદે સાચવો. (સીપાઇ) જાઓ ગામમાં દંડોરા પીટાવો કે સબ લોક ચંદન રાજાની આજ્ઞાને અનુસરે.

સીપાઇ—જે વળી માહારાજની મરજી.

સુરસીંગ—હવે તમે બધાં ચાલો. અને આ વસ્ત્ર ઉતારી રાજ્ય પોશાક પેહેરી ભોજન શાળામાં પધારો એટલે જમી લઇએ.

મલ્યાગરી—જેવી આપની ઇચ્છા. (બધા જાય છે.)

પ્રવેશ ૩ જો,

સ્થળ—રસ્તો.

શનીદેવ— બેત.

ચંદનાવતીથી કાઢીયો, દુખી થાવા માટ,
રસ્તે રૂાડ પડાવી જરી, ટળવા મન ઉચાટ;
ત્યાંથી આવી આંહીંને, પડ્યો સુખ સૈયામાં.
એ તો કેમ ખમાય હુથી, હોળી બળે હઇયામાં.
બસ પાછો પ્રપંચથી, આપું આતીશ દુખ;
ત્યારે મુજમાં હાસ્ય વધે, અને હું પામું સુખ;
ત્યાં સુધી જપું નહીં, જ્યાં સુધી મુજ જોર,
અનેક રીતે એહને, દુઃખ દેવું થૈ કઠોર.

(જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—રાજ્ય મેહેલનું મેદાન.

પાત્ર—સાયર, નીર અને કેસરી.

સાયર—કેમ ભાઇ કેસરી. આજ કઈ બાજી રમીશું.
કેશરી—મારે તો ચોપાટ ખેલવાનો વિચાર છે.
નીર—મારી પણ એજ મરજી થઈ છે.
સાયર—ચાલો ત્યારે આપણે તે રમીએ.
નીર—ક્યાં રમીશું.
કેસરી--અહીં રમીએ તો કેવું ?

સાયર—ના ભાઇ, આપણાથી અહીં રસ્તામાં ન રમાય ચાલો મેડાપર અગાશીમાં રમીશું.

કેસરી—ના, અગાસીમાં તો પવન ઘણો લાગે છે.

નીર—ત્યારે વચલા દિવાનખાનામાંજ ઠીક પડશે.

સાયર—કારણ કે રમતાં રમતાં ઉંઘી જઇએ તો પણ પથારીમાં તો ખરા.

કેસરી—ચાલો ત્યારે. (બધા જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—રાજમેહેલનું દિવાનખાનું.

(સાયર નીર કેશરી બધાં રમતાં રમતાં ઉંઘી જાય છે એટલે શની દેવ પાસેની ભીંતમાંથી પ્રકટ થઈ કેશરીને ઉપાડી તેના બદલે બીજો બનાવટી કેશરી મુકી ઉડી જાય છે સવારમાં બહાણું વાતાં સાયર નીર ઉઠી કેસરીને ઊઠાડવા જતાં તે ન ઉઠવાથી ગભરાઇને.)

સાયર નીર—કેસરી! કેસરી!! ભાઇ કેસરા!!! બેઠો થા તું બેઠો આપણે ફરવા જવાનો વખત થઇ ગયો તો પણ તું કેમ જાગતો નથી. અરેરે એનું શરીર આમ એકાએક ઠંડુ શાનું? ને આંખ્યો તો ફાટી ગઈ છે! હાય! ત્યારે હવે તો મરી ગયો ભાઇ નીર! જા તું આ વાતની ખબર માતા પીતાને આપ્ય.

નીર—વારૂ હું તેડી લાવું છું, તમે સબને સંભાળજો.

(ચંદન મલ્યાગરી આવે છે)

ચંદન—પુત્ર તેને રાત્રે કાંઇ ખાધું છે?

સાયર—ના પીતાજી.

મલયાગરી—ત્યારે તે રડતો હતો ખરો.

નીર—ના જરાએ ન્હોતો રડયો.

મલયાગરી—ત્યારે તો અચાનક કોઇ રોગે હુમલો કર્યો હોયતો આમ થાય.

ચંદન—પણ ભાઇ સૂરસીંહને કે કદાપી વ્હેમ આવ્યો તો.

મલયાગરી—ત્યારે બનવા કાળ બનશે આપણેતો નીરપરાધી છીએ.

સાયર નીર—મને તે ઇશ્વર જુએ છેજની.

ચંદન—એ દયાળું ઇસ્વર ! આ અણીની વખતે આબરૂ રાખજે રાજ ખોયું તાજ ખોયું માન ખોયું, ભાન ખોયું, અને જ્ઞાન પણ ગુમાવ્યું એમ થયું તો હવે તો જરી દયા કરી બચાવી લેવા લક્ષ આપ.

સાયર નીર—હે જગત ઇસ્વર સ્હાય થા સ્હાય !

(પડદો પડે છે)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—રસ્તો

શનીદેવ—હવે બાજી પાર ઘાટ સારો રચાયો હવે જોષીનું રૂપલેઇ સૂરસીંગને સમજાવું કે તારા પુત્ર કેસરીને મારી પોતાના છોકરાઓને રાજ અપાવવાની લાલચે ચંદને કેસરીનું ખુન કર્યું માટે જાને તે શીક્ષા કરે આથી સૂરસીંગ છેડાઇ જશે. એમ એકદમ બંનોને પોતાના રાજયમાંથી કાઢી મૂકાવશે માટે ચાલો હવે આપણે એજ ઘાટના પાસા ફેંકીએ કે તે

આરામમાંથી ઉઠી દુખ કામમાં દબાય એટલે આપણું મા-
હાત્મ વધે.

પ્રવેશ ૭ મો.

સ્થળ વિચારભુવન.

(સુરસીંગ તર્ક વિતર્કમાં બેઠોછે ત્યાં આવી.)

શનીદેવ—ગોરના સ્વરૂપે.) અરે રાજા સુરસીંગ કાંઇ ભાન છે કે તમારા બાહ્યિઓ તો રાજ્યની લાલચે તમારા કેસરીનો ફાંસો દેશ કીરતારની કચેરીમાં વિદાય કર્યો.

સુરસીંગ—ચાલ, ચાલ જુઠ્ઠા તારા જેવા મસ્કરા ઘણા આવે છે.

શનીદેવ—શું બાપજી હું તમારી મસ્કરી કરૂ ? કોઇ દહાડો મન થાયતો જીભજ ન કાપી નાંખુ માહારાજ એશું બોલ્યા.

સુરસીંગ—ઠીક ચાલો જો જુઠા પડયાતો શુળીને સાંઠે ચડવું પડશે

શનીદેવ—સત્તર વખત ચાલો (બંન્ને જાયછે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ દિવાનખાનું

કેસરીના સબને ખોળામાં લેઇ ચંદન કલ્પાંત કરેછે સાયર નીર રડેછે. મલ્યાગીરી ઉઠાડવા એને યત્નો કરેછે.)

જોષી—જુઓ માહારાજ આ તમારો પુત્ર ! સો ઉંદર મારી મ-ણીબાઇ ખાટે બેસે એવો કેવો ઘાટ લગાવ્યો છે.

સુરસીંગ—હાય ! અફસોસ ! ! બે શુધ્ધ થાયછે.)

જોષી—અરે હરામ ખોર ! રાજ્યની લાલચે આવા અમપરે કાં

કરતાં તને લાજ પણ ન આવી ! જા દુષ્ટ તારૂં કાળું કર વનમાં રખડી રખડી ભીખ માંગતો જોઇ દયા લાવનાર પ-રોપકારીને આવોજ બદલો આલશે ! હા ! ભુંડા ફૂટ !!

ચંદન—ભાઇ સુરસીંગ ! તું સાવધ થા અમારૂં નસીબ ઉલટયું છે માટે અમે કયાંઇ પણ સુખે ઠરવાના નથી તેથી તું ધીરજ ધારી અમને એકદમ ફાસી દઇદે.

સુરસીંગ—અરેરે ચંદન તારાથી કદાપી આવું અઘોર કૃત્ય થાય નહીં નકી આ કપટ જાળ છે તો પણ જગતની આંખે તું જોખમદાર થવાથી મારે તને દેશવટો દેવો પડે છે તે તું ત્વરાથી અમલમાં લાવ્ય.

ચંદન—જેવી ભાઇની મરજી.

રાગ-માઢ

સલામ છે સલામ ભાઇ છેલી આ સલામ.
સલામ સુખી મહેલને સલામ છે સલામ—ટેક
સલામ સારા લોકને, સલામ સતી નાર;
સલામ મારા હિતેચ્છુને, કોટી વાર સલામ; સલામ.
સલામ જુદા જાપાને, સલામ દ્વેષી જન;
સલામ છેલ્લા સહુને, સ્નેહ ભર્યા સલામ. સલામ.

(દુખી થતા હળમળ સાયર નીર મલ્યાગીરી અને ચંદન જાયછે.)

અંક બીજો સમાપ્ત

अंक ३ जो.

પ્રવેશ ૧ લો.

સ્થળ—રસ્તો.

શની દેવ—બસ! બસ! હવે સારૂં થયું, જે કોઇ માણસના સામો અવળી પનોતીએ બેસું પછી તે રાજા હોયકે રંક હોય તોપણ શું મારે તેની શરમ રાખી ઇશ્વરી નિયમ તોડવો! ના, ના, કદાચ કાળે પુર્વનો સુર્ય પશ્ચીમે ઉગે, રાજા વ્યભીચારી થાય, હંસ રતન તજે રાણી વ્યભીચારણી થાય, તોએ એ નજ બને ને હવે તો પેલા સુરસીંગના પુત્ર કેસરીને પાછો મુકી આવું કે તેના માત પીતાને શાંતી થાય. હવે તેને નાહક દુઃખી ન થવા દેવો માત એને ચંદનને આશરો આપ્યો તેના બદલે એટલી શાક્ષા તેને સંપુર્ણ છે.

(જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—સમશાન ભુમી.

(કેસરીના મડદાને બાળવા માટે સ્મશાનમાં લઇને સર્વે ચાલ્યા છે ત્યાં તેની નનામીમાંથી લાશ છોડી બાળવા મુકે છે એટલામાં સામેથી ખરો કેસરી દોડતો આવે છે તેને જોઇ બધા વ્હેમના ભર્યા નાસે છે.

સુરસીંગ—પુત્ર કેસરી! તારી જીવ શા કારણથી આ ભુત યો-
નીમાં ઉપજ્યો, તારી મનોવૃત્તી કંઇ એવી બાબતમાં અત્રે
રહી ગઇ! પૂત્ર! માગ માગ તારે જે જોઇએ તે હું તને
સત્વર લાવીઆપું.

કેસરી—શાર છલ, મને આ શું કહો છો. હું તો માણસછું; તમે
અત્યારે અહીં ક્યાંથી આ ચેહ કોના માટે ખડકી છે?

સૂરસીંગ—પુત્ર, તેમાં તારૂં શબ છે. અતરે તેને બાળવા માટે
આવ્યા છીએ.

કેસરી—ક્યાં છે? જુઓ, જોઇએ તેમાં શું છે.

(તપાસ કરતાં અંદર કશું માલમ પડતું નથી.)

સૂરસીંગ—શું આશ્ચર્યની વાત છે કે હમણાંજ આપણે મડદુ
ઉતારી ચેહપર ગોઠવ્યું હતું અને એટલામાં અલોપ થઇ
ગયું, નક્કી આ કોઇ દેવી ચમત્કાર છે! પણ અરેરે ભાઇ
ચંદન મેં તને નાહક દોષ આપી વિદેશ કાઢ્યો. હાય!
તારૂં ત્યાં શું થશે.

કેસરી—શું પીતાજી! ચંદન કાકાને કાઢી મુક્યા! અરેરે! હવે
મને તેમના વીના કેમ ગમશે, સાયર નીર વીના કોની સા-
થે આનંદથી રમીશ. અને વિદ્યા વિનોદની વિવિધ તકરારો
કોની સાથે ચલાવી મારી જડ બુદ્ધિને ચાલાક બનાવીશ.
ખરે હવે હું તેમને શોધી કાહાડયા વિના રેહેનાર નથી.
પીતાજી, તમે પુરમાં પાછા જાઓ, હું તેમની શોધે જાઉંછું.

સુરસીંગ—કુમાર! તમારે જાતે જવાની જરૂર નથી. હુંજ મા-
ણસો મોકલી તેમની શોધ કરાવું છું. તમે ચાલો મારી

સાથે તમારા વિના દૂખી થતી તમારી માતાને મળો અને તેના મનને શાંતી આપો.

કેસરી—તરૂ એકવાર કાકાની શોધનો બંદોબસ્ત કરો.

સુરસીંગ—ચાલો નગ્રમાં જઇ સ્વારો મોકલીએ. (જાયછે.)

—

પ્રવેશ ૩ જો.

સ્થળ જંગલનો રસ્તો.

પાત્ર—ચંદન મલ્યાગીરી સાયર નીર.

ચંદન—સદગુણી સૌભાગ્યવંતી ! તું શા માટે અફસોસ કરતી ફરે છે !

મલ્યાગરી—મહારાજ મને મારી ચીંતા નથી માત્ર આ ગુલાબ જેવાં ગરીબ અને કોમળ કુમારોની કાંન્તી ભુખ દૂખના સપાટા ખમવાથી કેવી કરમાઇ ગઇ છે. ! તે દેશ દીલડુ દાઝ્યા કરેછે.

ચંદન—ખરૂંછે મારા મનમાં પણ તેજ તર્કો તરેલવાર રૂપે ઘુમીને રૂધીરનું પાણી કરી નાખેછે પણ શું કરીએ જ્યાં દેવનીજ જેવી ઇચ્છા ત્યાં આપણો શો ઇલાજ.

સાયર નીર—માતા પીતા અમારા લીધે તમો આમ આફતમાં અફળાશો તો તમારો છુટકો કેમ થશે.

સાયર નીર— (કુંવરી કુંવર મારાં લાડકાં એરાગ)

તાતજ વાત સુણો સહુ, બનવા કાળ થનાર;
હૈયે હામ રાખો તમે, માની મારૂં લગાર; તાત૦

સત્યાવાદી હરીશ્ચંદ્રને, સની તારા જે નાર;
રોહીત લઈ રખડયાં વને. સહી સંકટ માર; તાત૦
નળ દમયંતી દુખથી, પડયા છુટા છેક;
ધીરજ રાખી તો થયાં છેવટે પણ તેમએક; તાત૦
માટે ધીરજ મોટી વાત છે, માને ધરી બીર જન,
ના માને તાત વાત તે, સમજો સુખ તદન; તાત૦

ચંદન—સાબાશ ! બેટાઓ સાબાશ ! તમારાં જેવાં માતુ પીતા સાથી બાળકોથી તેમનાં વડીલો અવેદા સુખમાં રહેછે.

મલ્યાગરી—સ્વામી નાથ, ચાલો આટલામાં કોઇ નદી હોયતો ત્યાં જઇ જળ પી શાંત થઇએ.

સાયર નીર—ચાલો માતા. (સર્વે જાયછે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ જંગલમાં નદી.

પાત્ર—ચંદન, મલ્યાગીરી, સાયર નીર, લાખો વણજારો તેનો સીપાઇ વીગેરે.

મલ્યાગીરી—પ્રાણ નાથ ! પાણીતો પીધું પણ હવે આ નદી ઓળંગી પેલી પાર શા રીતે પોહોચાશે.

ચંદન—પ્યારી, અાફત વખતે અકળાવનું કાઇ કારણ નથી ધીમે ધીમે તે સ્હેતાં તેમાંથી મુક્ત થવા યત્ન કરતાં રહેવાથી અમુલ્ય લાભ મળશે માટે તમે અહીં બેસો પેહેલાં હું પુત્રોને સામેકાંઠે સલામતીથી પહોચાડી આવું પછી તમને લઈ જઇશ.

મલ્યાગીરી—જેવી આપણી ઇચ્છા પણ ઘણી સાવચેતી જજો

કારણકે આ: વખતે પાણીનું પુર પુશ્કળ જોર કરેછે. તેથી જાળવીને જવામાં જાનનો બચાવ થશે નહીંતો હેરાન થવું પડશે.

સાયર નીર—બાપુ ચાલો ત્યારે પછી અંધારૂ ઘણું થમ જશે તો આપણને પાણીમાં રહેતાં વિક્રાળ જનાવરોથી વિપતી વેઠવી પડશે તેથી જલ્દી જવામા સારૂ છે.

ચંદન—ચાલો ત્યારે પુત્રો બન્ને કુંવરોને પોતાની પીઠે બેસાડી ચદન સામે કાંઠે કાંઠે આવેછે ને પાછા આવતા તેને એક મગર ગળી જાયછે તેને જોઇ.

મલ્યાગીરી— રાગ ભમઝી—

અંધાર રણમાં મેલી નાથ, તમે કયાં પરવર્યા.
વાટ જોતા થાકી છેક, નેત્રો આંસુથી ભર્યા;
આ શરણ સતી સ્ત્રી, શાને રહે જીવતા;
પતી વીન ન પાણીસે, રહે નીત્ય તરફડતી અંધાર.
રાજ મ્હેલનાં મનથી સુમ, તજ્યાં પતી માટરે;
ઘરનાં ઉંડયા જાતાં વન. વચમાં ઉડી વાટરે; અંધાર.
નીશદીન હું હુકમ બસ, કરતી સહુ ફાંસીને;
આજ ટળવળું એકલી આંણ, દુખેથી ઝાલાને; અંધાર.
કયાં સુધી સેહેવાં કષ્ટ, કર્યા નીરમાણને;
નથી મુજને તેથી સુઝ, તજાવ્યા પ્રાણને અંધાર;

હાય! અફસોસ! હવે મારી શી ગતી! હું કોણે શરણે જાઉં! શુ કહી બાળકો સામે કાંઠે રહ્યાં! પતીનો પત્તો નથી હું નીરાધારની દાદ હવે કોણ સાંભળશે, અને મને મદદ

કરી દિલાસો આપશે! પ્રભુ! પ્રભુ!! હવે હદ થઈ! હવે તો કાંઇ કૃપા કરી આ કષ્ટમાંથી છોડાવેતો સારૂં (એવામાં ત્યાં એક લાખો નામનો વણઝારો પોતાના નોકારો સાથે આવીને)

લાખો વણઝારો—બાઇ, આ જંગલમાં તમે એકલાં આ અંધારી રાતે ક્યાંથી તમે કોણછો.

મલ્યાગીરી—ભાઇ! હું તને મારા દુઃખડાની શીવાત કહું! હુ ચંદનાવતી નગરીના માહારાજા શ્રી ચંદન રાજાની રાણી મલ્યા ગીરી છું મારા પતીને બારમીરાસે શનીશ્ચર વેગથી અમે આ સારી રીતે આવી પહોંચ્યા છીએ, અને તેનું દુઃખ નથી. પણ સાયર અને નીર નામના મારા પુત્રોને સામે કાંઠે મારા પ્રાણ મુકવા ગયા, તેઓ મુકી પાછાં આવતાં તેઓ એકા એક ગુમ થયા તે હજુ સુધી આવ્યા નથી. તેથી હું અબળા જાત એકલી અહીં આ ભયંકર જનાવરોના નાદ સુણી થર થર કંપુછું.

લાખો વણઝારો—ભાઇ! હવે આંમ ચીંતા કરવાથી તેઓ ક્યાંય મળવાના નથી. તમે મારી સાથે ચાલો, હું તમને સર્વે પ્રકારે ખાવા પીવાનું આપીશ. તમો બે વખતે તે જમી આનંદે ઈશ્વર ભજન કરજો,

મલ્યાગરી—ધન્ય છે! પરોપકારી પુરૂષ! તુને ધન્ય છે! ઈશ્વર તારી આવી ઉત્તમ નીતી જોઈ તને અપાર દોલત દીકરા આપો.

લાખો વણઝારો—શીપાઇ! જાઓ તમે આ બાઇને આપણા કા-

ફક્કાામાં સાથે રાખો. હું નદીમાં પાણી પીને આવું છું
(સરવે જાય છે.)

મચ્છીમાર—અલ્યો જોતો ખરો આ મારી જાળમાંતો કાંક મોટું મોટું માંછલું આવ્યું છે જો, રાંડનું ભારે બહુ સેજો, લે લગીર ખેંચાવ્યને. (બધા સંગાથે ખેચી બ્હાર કાઢે છે. વળી મછ ચારતાં માંહે ચંદન બે સુદતાથી પરેલા દે સરવે બીએ છે.)

મચ્છીમાર—અલ્યો, ભાગો ભાગો, ભુત છે.

ચંદન—(સચેત થઇ) ભાઇઓ ! તમે ગભરાશો નહીં, હું ભુત નથી. પણ ચંદનાવતી નગરીનો રાજા ચંદન છું.

મચ્છીમાર—શું તમે રાજા છો? ઓય મારા બાપ ! તમને પણ રાંડનો મચ્છ ગળી ગયો ! ગજબની વાતતો ! હશે માહા-રાજ ચાલો તમે આપણા ત્યાં ખાઇ પી રામજીની માળા જપો.

ચંદન—જેવી તમારી ઈચ્છા. (જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—જંગલ

શની દેવ—ચંદન મચ્છીમારને ત્યાં પડયો. મલ્યાગરી વણઝારાના ટોળામાં પડી. પણ હવે બે કુંવરો રહ્યા તેમને વાખુટા પાડું એટલે મારો પુર્ણ દોર ચાલી રહે. અને છેવટે તેમને તેમની અસલ સ્થીતી કરતાં સો ગણું સુખ આપું. ચાલ જીવ હવે વાર કરવામાં સાર નથી. (જાય છે.)

(સાયર નીરનું આવવું.)

નીર—ભાઇ, ચાલવાથી હવે મને થાક લાગ્યો છે તેમ પાણીની તરસ પણ પુષ્કળ લાગી છે. માટે ગમે ત્યાંથી લાવી પાયતો સારૂં.

સાયર—ભાઇ, તું ગભરાઇશ નહીં. તું આ વૃક્ષ નીચે બેસ હું પાણી લઇને આવુંછું, ત્યાં સુધી તું અહીંથી કયાંય જઇશ નહીં હોકે ?

નીર—વારૂં, મોટા ભાઇ. (સાયર જાય છે થોડી વારે સર્પ આવે છે.)"અરે હવે હું કયાં જઊં? આ વીકાળ સર્પેતો મારી પુંઠ પકડી છે. (નાસવા માંડે છે. છેવટે સર્પ પગે કરડે છે. નીર એ ભાન થઇ જમીન પર પડે છે, સાયર પાણી લઇને આવે છે.)

સાયર—અરેરે ! આશું ! એટલામાં ભાઈ મુડાગત સાથી થયો હશે (પગ પર નજર પડવાથી) અરે તેનેતો અહીં કંઇ અ સર્પ કરડયો દેખાય છે હાય ! દેવ !! હવે હું શુ કરૂં ! માત ગઇ ! તાત ગયાં, અને છેવટે ભાઇથી પણ જુદાઇ પડી હવે હું કયાં જઉ. ચાલ ત્યારે તેને અગ્નીસંસ્કારનો કરૂં એમ કહી પોતે ગામમાં લાકડાં લેવા જાય છે, એવામાં એક ગરૂડ આવી નીરનું ઝેર ચુસી લેછે તેથ ને સચેત થઇને

નીર— **લાગી છે તરસભાઈ પાણી પા-એ રાગ.**

પીવું છે પાણી ભ્રાત લાવી દો,
પાણી વીન જાયે જીવડો. પીવું૦
વાર લગાડો ઝાઝી શુ તમે,
નથી રહેવાતું મુજથી તો. પીવું૦
કંઠે શોષ બહુજ લાગ્યા,

તમ્મારથી ભમેજ આંખ્યો, પીવું૦
ઘણા વખતથી કેમ ન આવ્યો,
આમ શોધી કાઢું હું તો, પીવું૦

હજુ તેઓ ન આવ્યા ત્યારે ચાલ હુંજ તેમની ખબર કાઢું કહી આટલામાંજ તેમનો મેળાપ થશે. (જાય છે)

સાયર—(પ્રવેશ કરી) અરે! વળી તે કયાં ગયો! અત્રેથી શું અલોપ થઇ ગયો ?

આસાવરી—ગજલ

આમ તજીને તું એકલો કયાં ગયો એ ભાઇ;
મનડું ભડકે ભડ ભડ બળતું થયું દુઃખદાઇ- ટેક.
કયાં હઇશ, કયાં શોધુ તને ગમ નથી પડતી;
માટે હોયે ત્યાંથી આવી જાને તું આંહી. આમ૦
માત પીતા રાજ તાજથી છુટા પડયા,
તોયે ઠરી ઠામ બેસવાનું ન કયાંઇ. આમ૦
તારા વીના પળ પણ ચેન ના પડે,
રોઇ રોઇને ગુંમાવીશ દેહ આ આંહી. આમ૦
કઠણ કાળજુ ન થાયે હાય! માહરૂં;
શી ધરૂ ધારણ મારા મનની માંહી. આમ૦

સાયર—ચાલ હવે ત્યાં આ સામાન જેનો લાવ્યોછુ તેનો પાછો આપી આવું (પોતે નગ્ર તરફ જાય છે,)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ વાણીયાનું ઘર.

પાત્ર—સાયર, વાણીઓ, પછીથી એક પરમાર્થ વેપારી.

સાયર—શેઠજી ! મડદૂ તો ત્યાંથી ગેપ થઇ ગયું માટે તમારો આ સામાન પાછો લેઇ મારી વીંટી મને સ્વાધીન કરો હું તમારો ઉપકાર માનીશ.

વાણીઓ—ચાલ ચાલ તારા જેવા લુચ્ચા તો ઘણાએ આવે છે શુ વેચેલો માલ પાછો લેવા બેઠા છીએ કે? એવા ધંધો કરીએ તો ભીખ ના માગીએ,

સાયર—પણ મારા કામમાં ન આવ્યો, તો તમને પાછો લેતાં શી હરકત છે.! તમારે તો તેનાં ઘણાએ ઘરાક જાગશે.

વાણીઓ—ઘણા ગ્રાહક હશે તે શું થયું અમારી પાસે ઘણો માલ છે તેમાંથી નહીં આપીએ, તે તારો વેચીશુ. મારો દીકરો મને એ સમજાવે છે જા જા તારા જેવા તો તેરસે રીગયા.

સાયર—શેઠજી. સીધી રીતે માનો તો સારૂ નીકર તમારા પર ફરીયાદ માંડવી પડશે,

વાણીઓ—જાને સાલા ફરીયાદ બાંધજે કોણ બીએ છે! શું કાંઇ ચોરીતો કરી નથી. મારો દીકરો કેવો બીવરાવેછે!)એવામાં એક પરદેશી પરમાર્થી વાણીઓ આવી તેને સમજાવી તેના રૂપ ગુણથી મોહિત થવાથી પોતાની સાથે તેડી જાયછે]

અંક ત્રીજો સમાપ્ત.

અંક ૪ થો.

પ્રવેશ ૧ લો.

સ્થળ રાજ માર્ગ.

અગ્નીદેવ—હાશ હવે હૃદયે ઠંડક થઇ મારા પાસા પોબાર પડયાં ચંદન રાજા મચ્છી મારને ત્યાં રહ્યા, મલ્યાગરી વણઝારાના પાસમાં પડી, સાયર વાણીયાના ત્યાં જવું અને નીરને સર્પ કરડાવ્યો હવે કોઇને દુખ દેવાનું બાકી રહ્યું નહીં મારી નોતી પણ ઉતરી ગઇ માટે હવે એ પવિત્ર પરમાર્થી રાજાને સુખી કરવામાં કાંઇ શકતીનો ઉપયોગ કરવો એ મારી ઇચ્છા છે. માટે ચાલ હવે હું દરેકની સ્થીતિ સુધારવાની સુયુકતી શોધી કહાડું (જાયછે)

(સાયર આવી વીચારમાં પડવું)

સાયર—પરોપકારી વાણીઆએ બીચારે મારી ઘણી સંભાળ રાખવા માંડીછે તેણે કેવા સારાં લુગડાં પેહેરવાં આપ્યાછે ધન્ય આવા પરોપકારી પ્રજા જનો પૃથ્વીમાં સદાકાળ પ્રાપ્ત થતાં હોયતો રાજકર્તાને પણ કેટલું બધું સુખ થાય ચાલ હવે વખત ઘણો થયો છે માટે હું રાજાના ઘોડાપર બેસવાની સરત જોઇ આવું. (એમ કરી જાયછે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—મેદાન.

રાજા—પ્રધાન, કુંવરી, અને પરોપકારી વાણીઓ તથા બીજા જોવા આવનાર મંડળ.

રાજા—મારી શુશિળ પ્રજામાંથી જે કોઇ આ ઘોડાપર સ્વારી કરશે તેને હું મારી પુત્રી પરણાવીશ પણ જો તેમ કરતાં નીષ્ફળ નીવડયો તેને ગરદન મરાવીશ માટે જે ઉમેદદારની ઇચ્છા હોય તેણે તૈયાર થવું પછી ભલેને તે રંક હોય કે રાજા ભલેને તે ગરીબ હોય કે પૈસાદાર પણ મારે તો સર્વે સંમાન છે.

સાયર—માહારાજ આપની શરત મારે મંજુર છે.

રાજા—ભલે ત્યારે શુરવીર સ્વાર થાઓ.

(સાયર ઘોડાપર બેસી ચલાવેછે) સર્વે અજાયબ થઇ.

વાણીઓ—માહારાજ આતો આશ્ચર્યની વાત ! શું આ છોકરો જેને હું દયાથી મારી સાથે લાવ્યોછુ. તે આવો ભાગ્યવાન નીવડયો ધન્ય છે ! ધન્ય ! કે મારા હાથે આવુ રતન આવ્યું હતું તેનાં જશમાં મને પણ જશ તો છે કે ફલાણા વાણીઆની સાથે આવેલા છોકરાએ અશ્વ ચલાવ્યો !

રાજા—હા તમને પણ લાભનો ખરો (છડીદાર) જાઓ તમે કુંવરીને શણગારી લાવો અને ગોરને પણ સાથે લાવજો.

(થોડી વારે ગોર આવેછે બનેનું વીધીપૂર્વક લગ્ન કરિ આપેછે અને હર્ષ ભેર આશીર્વાદ આપી વીદાય કરેછે.)

પ્રવેશ ૩ જો,

શાન્તીપુરનો દરવાજો.

પાત્ર નીર તથા કોટવાલ

નીર—પ્રભુ ! આજ કેટલાક દીવસથી રખડતા રખડતા આ નગરે આવ્યા છીએ રસ્તામાં પણ પેલા બ્રાહ્મણે સારી ઔષધો બનાવીછે, માટે આજ નગરમાં તે અજમાવી તેમાંથી કાંઇ પ્રાપ્ત કરીશું (કોટવાળને) ભાઇ આ નગરીનું નામ શું છે?

કોટવાલ—કુંવર આ નગરનું નામ સાંન્તીપુર છે. અને મહારાજા વિજયસિંહનું રાજ્ય છે આજ કેટલોક વખત થયાં માહારાજ કોઇ ચેપી રોગથી પીડાય છે તેથી રાજ્ય કારભાર પ્રધાન મડળ ચલાવેછે.

નીર—ત્યારે મહારાજ દવા કેમ નથી કરતા ? દવો ખાધા વિના કે ચોપડયા વીના તે રોગ મટે કે ?

કોટવાલ—ભાઈ તેમણે ઘણાનીએ દવા કરી પણ કશો ફાયદો થયો નહીં હવેનો તેમણે એવું ઈનામ કાઢયું છે કે જે તેમનો આ રોગ મટાડે તેને અરધુ રાજ્ય અને પોતાની કુંવરી આપે પણ કોઇ મટાડી શકતું નથી.

નીર—ત્યારે ચાલો મારી સાથે હું મટાડું. (જાય છે)

પ્રવેશ ૪ થો.

સ્થળ—રાજમેહેલ

પાત્ર—વિજયસિંહ, પ્રધાન, પાછળથી નીર.

વિજયસીંહ—પ્રધાનજી! દીન પ્રતીદીન મારી શરીર સ્થીતી બગડતી જાય છે. હવે મારાથી આ રોગ સહન થતો નથી. માટે મ્હોત આવે તો સારૂં.

પ્રધાન—મહારાજ! માલ અકળાએ દરદ મટતું તથી. એતો ઉપરા ચાપરી એને ઔશધી લગાડતા રહેવાથી એનો અંત આવશે કે તરત મટી જશે.

છડીદાર—મહારાજ, બહાર કોઇ પરદેશી વૈદ આયા છે.

પ્રધાન—અચ્છા, અંદર આને દો.

છડીદાર—જેયસા હુજુરકા હુકમ (નીર આવીને)

નીર—માહારાજ આપને મારા પ્રણામ છે.

વિજયસીંહ—પધારો અહીં. (પોતાની પાસે બેસાડી)

પ્રધાન—કેમ શી દવા છે?

નીર—આ ભસ્મ છે તે માહારાજના શરીરે ચોપડવાથી પાંચ મીનીટમાં કંચન જેવી દેહ થશે.

વિજયસીંહ—ભલે ત્યારે લગાવો તે. (દવા લગાડવાથી તરત રાજા બેઠો થાય છે.

પ્રધાન—શાહાબાશ! વૈદરાજ શાહાબાશ છે! શું ઉત્તમ જાતની દવા કે પાંચ મીનીટમાં માહારાજાના જુના રોગનો અંત

આવ્યો ! વાહ ભાઇ ! વાહ ! તમે તો હદ વાળી જો નાનકડીયા વૈદજી !

નીર—ઇશ્વરી બનાવટની ખુબીતો એવીજ હોય !

વિજયસીહ—પ્રધાનજી ! આજથી નગ્રમાં આંણ આ નીર રાજાની ફેરવો. કુંવરીનો હસ્તમેળાપ કરવા બોલાવો.

(થોડી વારે કુંવરી આવે છે બન્નેનો હસ્તમેળાપ કરાવી આપી રાજા ખુશી થાય છે. નગ્રમાં નીરની વાહવા બોલાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—રાજ માર્ગ.

પાત્ર—સાયર તથા રાજનગર જન.

સાયર—ભાઇ, આ નગરતું શું નામ ! અહીં કોણ રાજ કરેછે,

રસ્તે જનાર—ભાઇ, આ નગરતું નામ શાંતીપુર છે અહીં વીજયસીંહ માહારાજનું રાજ્ય છે ને હવેથી કોઇ પરદેશી રાજા નીર રાજનું રાજ થયું કારણ કે એ રાજાનો રોગ તેમણે મટાડયો તેથી માહારાજે ખુશી થઇ તેમને પોતાની કુંવરી પરણાવી તથા રાજ તાજ પણ આપ્યો છે.

સાયર—(સ્વગત) ચાલો. આજ શુકન ઠીક થયા છે. કે ભાઇ તો રાજ ગાદી પામ્યો. હું હવે તેને દરબારમાં મળું.

(જાય છે)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—રાજ દરબાર.

પાત્ર—નીર, પ્રધાન, વિજયસિંહ તથા પાછળથી સાયર.

નીર—વિજયસિંહ માહારાજની કૃપાથી રાજ્યગાદી તો મને મળી પણ હવે મારા દુઃખનો અંત કયારે આવશે પ્રધાનજી ?

પ્રધાન—માહારાજ, એવું આપ નામદારને શું દુઃખ છેજી ?

નીર—સાંભળો. ચોપાઇ.

માત પીતાને બાંધવથી તો, પડયો એકલો હુંરે છુટો;
ટહણુ અહ પીતાને મારા, સૌને પીડતા હતા દુઃખકારી,
ચંદનાવતીના જે રાજન, મુજ પીતા પવિત્ર ચંદન,
મલ્યાગીરી માતા સાયર ભ્રાત,સૌથી નાનો હું નીર સાક્ષાત

વિજયસિંહ—અહો ધન્ય ભાગ્ય મારાં કે મારા હાથમાં આવું રાજ રતનજ આવ્યું. હવે મારે આથી શું અધીક ફુળ શુર જોઇએ ?

છડીદાર—માહારાજ, કોઇ પ્રદેશી અંદર આવવા ઇચ્છે છે.

નીર—સુખેથી આવવા દો. (છડીદાર સાયરને અંદર લાવે છે

સાયર—(પ્રવેશ કરી) કોણુ! લઘુ બાંધવ નીર !

નીર—(એક દમ ભેટી) શું! જેષ્ટ બાંધવ સાયર તમે અચાનક કયાંથી !

સાયર— ચોપાઇ

તારા માટે પાણી લઇને, આવ્યો જંગલ નદી થઇને,

ત્યારે સર્પ ડંસથી પડેલા, દીઠા નજરે તમને મરેલા,
તેમ દાહ લેવાનો સામન, લેવા ગામ ભણી કીધું ગમન
લેઇ તેહ પણ પાછો આવ્યો, ત્યાંતો ફરી નજર તું ન આવ્યો

નીર—આપ ગયા કેડે ગરૂડ આવ્યું, ચુશી ઝેરને ત્રતુ હઠાવ્યું.
ત્યાંથી આપને ખોળવા ચાલ્યો રસ્તે જતાં તેને કર ઝાલ્યો
આપી ઉત્તમ ઔાષધ પ્યારૂ, જુદો પડયો મારાથી વારૂ.
ત્યાંથી આવ્યો નગ્રમાં આહીં, કીધા રાજા સુખીઆ ત્યાંહીં,
તેમણે ખુશી રાજ આ દીધું, પુત્રી પરણાવી સગપણ લીધું
રત્નજ ભર્યો ભારે દરબાર, પણ મને નોહોતો કરાર,
એવે ભેટયો તમારો થયો, મારો વીચાર હળવો ગયો,
માત પીતા ની ભાળ કઢાવું, સરવે મળી સ્વદેશે છે જાવું,

સાયર—વારૂ બાંધવ જેવી ઇચ્છા.

છડીદાર—માહારાજ, બહાર કોઇ પરદેશી વેપારી પોતાનું દાન ચુકવવા આવ્યો છે માટે માહારાજની શી આજ્ઞા છે!

સાયર—ખુશી તેમને અંદર લાવો, (છડીદાર તેડી જાય છે.)

લાખો વણઝારો—જય થાઓ, નીર ભુપનો જગતમાં જયે થાઓ! માહારાજ મેહેરબાની કરી અમારૂં દાન ચુકાવી લ્યો કારણ કે મારી ધરમની બેનને પુજાનો સમય થવાથી તેની પાસે માહરે બેસવું પડેછે માટે વાર લાગેતો તે અમને વઢશે

નીર—ભાઇ તમે એવો પ્રેમ તમારી ધર્મની બેનનાપર રાખોછો તે તમારી કાંઇ સગી બેનતો નથી.

લાખો—મહારાજ તે મારી સગી બહેન તો નહી પણ અમે જંગલ

માં ફરીને આવતા હતા તે વખતે કોઇ નીરાધાર પડેલી સ્ત્રી માહારા દીઠામાં આવી તે પોતાના પતી તથા પુત્રને વીરહે આક્રંદ કરતી હતી તેની દયા આવવાથી અમે અમારી સાથે લીધી છે તે બાઇ પોતાના સર્વે કામ ઇસ્વર ભક્તિમાં ગાળે છે.

નીર—ત્યારે અમને સતી સાધવીનાં દર્શન કરાવશો? જો તમો દર્શન કરાવશો તો તમારૂં દાન માફ કરવામાં આવશે.

લાખો—ખુશીથી મહારાજ (લો ત્યારે હું તેમને તેડાવી મંગાવું. (એમ કહી પોતાના માણસને મોકલી તેડાપે છે.)

નીર—(સાયરને) ભાઇ મને આ વખતે ઘણાં શુભ શુકન થાયછે. મને એમ લાગે છે કે રખેને આપણી માતાજ હોયની.

સાયર—ભાઇ જેનું હૃદય આપણા સંબંધમાં હોય તેનું સ્મરણ હરનીશ થયાં કરે છે પછીતો પ્રભુની ઇચ્છા.

મલ્યાગીરી—(પ્રવેશ કરીને) લાખા ભાઇ મને કેમ બોલાવી.

લાખો—મહારાજને મળવા સારૂ.

નીર તથા સાયર—(સ્વર ઓળખી) કોણ માતુશ્રી મલ્યાગીરી

મલ્યાગીરી—પ્યારા પુત્રો સાયર નીર (હર્ષથી ચુંબન લેછે)

નીર—પ્રધાનજી! આજ નગરમાં ઉત્સવ કરાવો. બંદીજનોને છુટા કરો. તથા આ વણઝારાનું દાન માફ કરો.

(રાજગોરને) તમને વિશ્વાસથી આ હું જે દોહરો લખી આપું તે લઇ તમારે દેશ વિદેશે ફરવું.

દુહો.

કહાં ચંદન મલ્યાગરી, કહાં સાયર કહાં નીર.

આનો પ્રત્યુતર જે નીચે મુજબ આપે તેને તમારી સાથે તેડી લાવવાનો તમને અખત્યાર આપવામાં આવે છે)

જેમ જેમ પડે વીપતડી, ત્યમ ત્યમ સહે શરીર;

રાજગોર—જેસી નૃપેંદ્રની આગ્યા. જાયછે.

પ્રધાનજી—ખજાનચી રાજગોરને વાટ ખરચી માટે સો મોહોરો આપજો.

ખજાનચી—જેવી આગ્યા. (જાયછે)

સાયર નીર—માતાજી ચાલો ભોજન શાળામાં.

મલ્યાગીરી—ચાલો પુત્ર. (જાયછે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—જંગલમાં દેવ મંદિર.

ગોર—દેશ વિદેશ ફર્યો જંગલે જંગલ જોયાં પણ મારા દોહરાનો કોઇએ જવાબ આપ્યો નહીં. ચાલ હવેતો માતાની સ્તુતી કરી જરા ખાવું ખાઇ લઉ.

રાજગોર— સ્તુતી

(દશા આશી થઇ મારી, એ ટેક.

મયાળું માત, મારી. કૃપા મુજ પર કરી ભારી;
ઇચ્છા પુરી ઇશ્વરી, રાખો દેહમાં દુખ;
સુખ આપી ભરપુરને, વધારો ઘર સુખ;
પડી પાયે નમું ભારી, લેવા શાન્તી તણું વારી—મયાળું.
જય નીરંજન ભય દુખ ભંજન, છે માતા ભરપુર;
શત્રુ વીદારણ સર્વથી, બળધારી પુર નુર;
કૃતી તારી અતી ન્યારી, કળે કો માતુ મારી;—મયાળું.

(રાજગોર એક ઝાડ નીચે જમવા બેઠોછે તેવામાં ચંદનરજા આવેછે.)

ચંદન—પ્રીયા ગઇ! પુત્રો ગયા! હું પણ અનેક દુઃખ ભટક્યો; પણ હજુ દુઃખનો અંત ન આવ્યો? શી ઇશ્વરની લીલા!

ચંદન— કાફી હોરી.

ભકત વસ્તળ ભય હારી, દયાળુ, ભકત વસ્તળ ભય હારી;
મને ભવ પાર ઉતારી, લ્યો ભકત વત્સળ ભય હારી. ટેક.
શરણાંગતને સુખરે સ્થાપો, પાપને તાપ નિવારી;
તો મને શાથી સંતાપીને, દુઃખી કરો ગીરધારી. દયાળુ૦
સાયર નીર બે સુત ગુમાવ્યા, ગુમાવી મલયા પ્યારી
હાય! હૃદય તેથી બહુ દાઝે, લાગે જયમ બે કારી, દયાળુ૦
હવેતો દયાથી મેળવી આપો, કષ્ટ કરીને વિદારી,
નમી નમી "નમી" મારી માગી, આવ્યો શ્રરણુ તમારી દયા૦

રાજગોર—(આશ્ચર્યથી) અરે ભાઇ તમો કોણ છો? શું તમે મારા દોહરાનો અર્થ આપશો કે,

ચંદન—શું એવો દોહરો છે વારૂ ?

રાજગોર—સાંભળો દુહો

કયાં ચંદન કયાં મલ્યાગરી, કયાં સાયર કયાં નીર,

ચંદન—એજ કે ? સાંભળો ત્યારે

જ્યમ જ્યમ પડે વીપતડી, ત્યમ ત્યમ સહે શરીર.

રાજગોર—કોણ તમે માહારાજ ચંદન રાજા.

ચંદન—હા ભાઇ હું પોતે.

રાજગોર—ચાલો ત્યારે હું તમને સર્વેનો મેળાપ કરી આપુ.

ચંદન—તમારો ઉપગાર, ? (એટલે જાય છે)

પ્રવેશ ૮ મો.

સ્થળ—નૃપ કચેરી.

પાત્ર—સાયર, નીર, પ્રધાન, વારાંગનાઓ પાછળથી ચંદન રાજગોર, મલ્યાગીરી વિગેરે.

સાયર—ભાઈ, હજુ પીતાશ્રીનો પતો ન મળ્યો.

નીર—મને પણ તેટલા માટે ચેન પડતું નથી.

રાજગોર—માહારાજ ! કૃપાળુ ઇસ્વરની મેહેરબાનીથી તમારા પીતાશ્રીની શોધ લાવ્યો છું, તેઓ સુવસ્ત્ર સજી આવતા હતા

સાયર—ધન્ય ! રાજગોર ! ધન્ય !

નીર—જાઓ જે હોય તે જઇ માતુશ્રીને બોલાવી લાવો.

(મલ્યાગીરી આવેછે)

મલ્યાગરી—કેમ પુત્ર,

સાયર નીર—માતાજી! આપણા રાજગોર અમારા પીતાજીને શોધી લા- વ્યા છે. (એવામાં ચંદન આવે છે)

ચંદન—કોણ? પુત્ર સાયર નીર! અને આ પ્રીયા મલ્યાગીરી? (ભેટે છે.)

વારાંગનાઓ—બતા દે સખી કોન ગલી એ રાજુ.

શોભે છે સખી આજ ચંદન માહારાજ;
છબી અતી સુખકારીરે, જાઉં તે પર વારીરે.
આનંદ પામી સમાજ, શોભે છે.

પ્રધાનજી—ખજાનચી આ રાજગોરને દશ હજાર મોહોર ઇના- મ આપો.

સર્વે— આશા ગોડી.

આનંદ આનંદ આજ, સજ્જનો આનંદ આનંદ આજ.
સાયર નીરને મલ્યાગીરી, સાથે ચંદન માહારાજ. સજ્જનો.
સુખે મળીયાં દૂખો ટળીયાં, જયથી રહી લાજ. સજ્જનો.
આપ સુખે સર્વે સૂખ થાપે, પામે પાપી પીડા જ. સજ્જનો.

સમાપ્ત.

વાર ખરીદ કરી વાંચો અને પેટ પકડીને હસો, કીમત ચાર આના ટપાલ માફ.